## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




દિલ્હીમાં પ્રદુષણ નિયંત્રણ માટે... વાહનોનાં એક દિવસ એકી નંબર બીજા દિવસે બેકી નંબર બંધ રાખવાનો આદેશ છે... સાલુ આ તો ઠીક પણ... આ લોકો સાચી...!! એકી - બેકીમાં આવો કાયદો ન લાવે તો સારું...!!

# શહેરના નવદીક્ષિત કલાકારો દ્વારા અદ્‌ભુત અભિવ્યક્તિ કાર્યક્રમ યોજાયો

### ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત સ્કૂલ એકટીંગ, ડાન્સ, ડ્રોઈંગ, પર્સનાલીટી ડેવલપમેન્ટ સ્કૂલ દ્વારા ચિત્ર પ્રદર્શન, નૃત્ય, નાટ્ય અને ગીત-સંગીતનો અદ્‌ભુત કાર્યક્રમની પ્રસ્તુતિ

ગાંધીનગર તા,૩

ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત સ્કૂલ ઓફ એંકટીંગ, ડાન્સ, ડ્રોઈંગ, પેઈન્ટીંગ, પર્સનાલીટી ડેવલપમેન્ટ તેમજ ગીત - સંગીત વિભાગમાં છેલ્લા છ માસથી પ્રશિક્ષણ મેળવી ચુકેલા ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓની બેચના સમાપન પ્રસંગે નવદીક્ષિત કલાકારો, ચિત્રકારો દ્વારા અભિવ્યકિત કાર્યક્રમ શહેરના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રશિક્ષણ મેળવેલા નાના વિદ્યાર્થીઓએ વ્યસન મુકિત વિષય પર આધારિત ''નાની ફોજની મોટી જીત'' નાટકમાં ધારદાર એંકટીગ દ્વારા સૌના દિલ જીતી લીધા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં કલારસિકો ઉપસ્થિત રહીને બાળકોને તાળીઓથી વધાવી લીધા હતા.



અભિવ્યકિત કાર્યક્રમનો પ્રારંભ શહેરના ડેપ્યુટી મેયર કાર્તિક પટેલના હસ્તે દિપ પ્રાગટય દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં પાંચેય સ્કુલના બાળકોને સંસ્થાના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ, જ્યોતિન્દ્રભાઈ વ્યાસ, પ્રકાશ લાલા, ડૉ. રાજેશ શાહ, પિયુષ દવે, હિરેન ભટ્ટ, કમલકિશોર જૈનના હસ્તે પ્રમાણપત્ર આપી નવાજવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સ્કુલ ઓફ એકટીંગના નાના બાળકોના ગ્રુપ શિવમ દ્વારા વ્યસનમુકિતનો સંદેશો પાઠવતું નાટક 'નાની ફોજની મોટી જીત' તેમજ મોટા કલાકારોની ટીમ નટરાજ દ્વારા રમુજી એકાંકી નાટક 'યે કયા હુઆ' રજુ કરાયું હતું. સ્કુલ ઓફ પર્સનાલીટી ડેવલપમેન્ટના ૩૦ વિદ્યાર્થીઓમાંથી દિવ્ય ત્રિવેદી, પ્રેમલતા બારડ, જંયતિ શેલત, ડૉ. હેમાબેન શાહે પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે આ કોર્ષ દ્વારા અમે જીવન જીવવાની કળા શીખ્યા છે. શ્રી એચ અંગે જણાવ્યું હતું કે હેન્ડ, હાર્ટ અને હેડથી વ્યકિતનો વિકાસ થાય છે. નકારાત્મકતાથી હકારત્મકની દૃષ્ટથી વિચારીએ છીએ. પોતાના ગ્રુપનું નામ પણ બી બેટર રાખ્યું હતું. ત્યારબાદ કથ્થક અને ભરત નાટ્યમના કલાકારોએ સુંદર નૃત્ય દ્વારા ગણેશ વંદના રજુ કરી હતી. કલાકારો દ્વારા અદ્‌ભુત 'લાવો રે કાચની લખોટીઓ' અને શુન્ય પાલનપુરીની રચના 'અલ્લા બેલી' સુંદર રીતે રજૂ કરી શહેરના જાણીતા કલાકાર બિરેન પુરોહિતની રચનાએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ગુજરાતનું ફોક ગીત સાંભળીને કલારસિકોની તાળીઓથી ટાઉનહોલ ગુંજી ઉઠયો હતો. કાર્યક્રમના અંતે





કલ્ચરલ શાળામાં કલાકારોને પ્રશિક્ષણ આપવા આવતા નામી ફેકલ્ટીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ટાઉનહોલના ફોયરમાં બાળકો દ્વારા તૈયાર કરાયેલ ૧૬૭ ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું. જેમાં ૧૧૪ ચિત્રો ૧૪ વર્ષથી નાની વયના બાળકોએ તૈયાર કર્યા હતા. જ્યારે ૫૩ ચિત્રો ૧૪ વર્ષથી વધુ વયના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન હિરેન ભટ્ટની સાથે પર્સનાલિટી ડેવલપમેન્ટના વિદ્યાર્થીઓ શિખા જોષી, હાર્દજ્ઞ વોરા, ધ્રુતિ રાઠોડ, હેતલ દેસાઈ, હિમા વોરાએ સફળતાપુર્વક કર્યુ હતું. કલ્ચરલ શાળાનો આ ત્રીજો અભિવ્યકિત કાર્યક્રમ હતો. આ પ્રસંગે સંસ્થાના હોદેદારો, કલાકારો, વાલીગણ, સહિત શહેરના કલારસિકો મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને ભરપુર માણ્યો હતો.નૃત્ય જોઈ હાજર સૌ કોઈ આશ્ચય ચકિત થઈ ગયા હતા. કાર્યક્રમમાં આગળ વધતા હરિન્દ્ર દવેની રચના અને બિરેન પુરોહિતનું સ્વરાકન વાસળીના સુર, ગાંધીનગરના કવિ હરિકૃષ્ણ પાઠકની રચના ફરકે રુમાલ રંગ મેળો,તેમજ સભી ભાષાએ તેરે નામ, કવિ મુકેશ જોષીનું ગીત

## ખૂણે ખાંચરેથી...

● ગુજરાત યુનિ. સંલગ્ન કોલેજોમાં પરીક્ષા બાદ સેમેસ્ટર ૨, ૪ અને ૬માં આજથી શૈક્ષણિક કાર્યનો આરંભ થઈ રહ્યો છે.

● ગાંધીનગર ટાઉનહોલમાં આજે વિસનગરા નાગર સમાજનો પરિચય મેળો યોજાયો હતો.

● સાયકલ શેરીંગ પ્રોજેક્ટ માટેનો રૂટ દર્શાવતા પીળા પટ્ટા માર્ગ પર દોરી દેવાયા છે.

● ગાંધીનગરના ૨૦ જેટલા દોડવીરોએ આજે અમદાવાદની હાફ મેરોથોનમાં ભાગ લીધો હતો.

● ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થતાં ખેડૂતોમાં ખુસાલીની લહેર પ્રસરી જવા પામી છે.

● આજે ગાંધીનગર તાલુકાના શિવપુરા કંપા ખાતે રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરાશે.

● ગાંધીનગર કોંગ્રેસના કેટલાક અગ્રણી કાર્યકર્તાઓની આજે ડિનર ડિપ્લોમસીના બહાને બેઠક ગાંધીનગર નજીકના ખાનગી સ્થળે મળી હતી.

● ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાના માતુશ્રી નાથીબાની તબિયત નાદુરસ્ત બનતાં સારવાર માટે ગાંધીનગર નજીકની એપોલો હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

# ક-૭ પાસે મરચાં-મસાલાની દુકાનમાં રાત્રે ચોરો ઘુસ્યા

### પતરાની છત ખોલીને અંદર ઘુસેલા ચોરો કેશ કાઉન્ટરમાંથી ૩૫ હજાર રોકડા ચોરી ગયા

ગાંધીનગર, તા.૩

શહેરના ક-૭ સર્કલ નજીક આવેલી મરચા મસાલાની એક દુકાનમાં ગઈ રાત્રે તસ્કર ટોળકીએ ચોરી કરી હતી. દુકાનની પતરાની છત ખોલીને અંદર ઘુસેલા ચોરો કેશ કાઉન્ટરમાંથી રૂ. ૩૫ હજાર રોકડા ઉઠાવીને ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સવારે દુકાનદારને ઘટનાની જાણ થતા સે-૨૧ પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

ક-૭ સર્કલથી રાંધેજા રોડ પર મરચાની મસાલાની સંખ્યાબંધ દુકાનો આવેલી છે. જે પૈકી આનંદ મસાલા ભંડાર નામની દુકાનને ગઈ રાત્રી દરમિયાન તસ્કરોએ નિશાન બનાવી હતી. દુકાનની પતરાની છત ઉપરથી ખોલીને અંદર પ્રવેશેલા તસ્કરો દુકાનના બે કેશ કાઉન્ટર તરફ ગયા હતા. એક કેશ કાઉન્ટરમાંથી રૂ. ૩૦ હજાર રોકડા મળીને કુલ રૂ. ૩૫ હજાર રોકડા ચોરી કરીને તસ્કરો ભાગી ગયા હતાં. આનંદ મસાલા ભંડારના રાંધેજા રહેતા માલિક ભરતભાઈ મણીભાઈ પટેલે ચોરી અંગે સે-૨૧ પોલીસને જાણ કરતાં પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

# ચિલોડા સર્કલે ટ્રાફીકનું ભારણ ઘટાડવા પોલીસે કમર કસી, દબાણો હટાવ્યા

પાટનગરના પડોશી એવા ચિલોડામાં દિન પ્રતિદિન ટ્રાફીકની સમસ્યા વકરતી જઈ રહી છે. જેમાં આડેધડ બેસતા પાથરણાવાળા, લારીઓ તેમજ અવ્યવસ્થિત પાર્કિંગ જવાબદાર હોવાનું પોલીસનું માનવું છે. જે અંગે છેલ્લા ત્રણ દિવસથી પોલીસે ટ્રાફીકનું ભારણ ઘટાડવા આકરા પગલાં લેવાનું શરૂ કર્યું છે. જેમાં ગેરકાયદેસર દબાણો અને પાર્કિંગ અંગે કડક વલણ અપનાવી દુર કરાયા છે. છતાં પીકઅપ બસ સ્ટેન્ડના અભાવે સર્કલ નજીક ઉભા રહેતા અસંખ્ય મુસાફરોને દૂર ઉભા રાખવા માર્ગ સમાંતર રેલીંગ ઉભી કરીને સર્કલ નજીકથી ટ્રાફીક દૂર થાય તેવા પોલીસે પ્રયાસો હાથ ધર્યા છે.





ગાંધીનગર, અમદાવાદ, દહેગામ, હિંમતનગર તથા અન્ય સ્થળોએ જવા-આવવા ચિલોડા એ મહત્વનું સ્થળ બન્યું છે. અને તેથી જ દૈનિક અસંખ્ય મુસાફરો ચિલોડાએ ઉમટે છે. વધુમાં ચિલોડામાં ગેરકાયદેસર રીતે પાથરણાં કરી બેસેલા વેપારીઓ, લારીઓવાળા તથા આડેધડ પાર્કિંગ થતાં વાહનો છાશવારે ટ્રાફિકની સમસ્યા ઉભી કરી રહ્યા છે. તો બીજી તરફ ચોક્કસ સ્થળે પિકઅપ બસ સ્ટેન્ડ ન હોવાથી મુસાફરો પણ વાહન મેળવવા ગમે તેમ ઉભા રહે છે જે કારણે ખાનગી વાહનો પણ સર્કલ નજીક આડેધડ ઉભા થઈ ટ્રાફીક રોકીને મુસાફરોને બેસાડતા હોવાનું જણાઈ આવ્યુ છે. દૈનિક અસંખ્ય લકઝરી બસો, એસટી બસો તથા ખાનગી વાહનો સર્કલ નજીક અડીંગો જમાવી રાખતા પાછળ આવતા વાહનોનો જમાવડો થઈ જતો હોય છે.

આ તમામ સમસ્યાથી ત્રસ્ત ચિલોડા પોલીસ છેલ્લા ત્રણ દિવસથી સક્રિય બની છે અને સ્થાનિક ગેરકાયદેસર દબાણો દૂર કર્યા છે અને સર્કલથી તમામ વાહનો અને મુસાફરો દુર રહે તે હેતુથી માર્ગ સમાંતર રેલીંગ ઉભી કરી દીધી છે. એએસપી કરણરાજ વાઘેલાએ પણ રસ લઈ ટ્રાફીક નિયમનની જાળવણી થાય તેવા પગલાં લેવા કડક આદેશ કર્યો છે. જોકે રાજ્ય સરકાર ગાંધીનગરના પરા સમાન ચિલોડામાં પીકઅપ બસ સ્ટેન્ડ ઉભુ કરે તે હાલની ગતિશીલ ગુજરાત માટે અનિવાર્ય બન્યુ છે. તેમજ પોલીસ પણ આ અંગે સતત પેટ્રોલીંગ સઘન બનાવી ફરીથી દબાણો ન થાય તેવા પગલાં ભરે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## પિકઅપ બસ સ્ટેન્ડના અભાવે સર્કલ નજીક ઉભા રહેતા મુસાફરોને ખસેડવા માર્ગ સમાંતર રેલીંગ ઉભી કરાઈ

# ગુજરાતમાં ૮૭ શાળાઓમાં વિજળીની સુવિધાઓ જ નથી

ગુજરાતમાં ગુણોત્સવ પાછળ કરોડો રૂપિયાના ખર્ચ કર્યા પછી વાસ્તવિક રીતે શાળાઓમાં શિક્ષણનું સ્તર, શિક્ષકો, શૈક્ષણિક સુવિધાઓ અને પાયાની સુવિધાઓ અંગે શિક્ષણ વિભાગ નિતી ઘડતર કરે તેવી માંગ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુણોત્સવમાં ૮૩,૬૬૫ શાળાઓમાંથી માત્ર ૮.૪૮ ટકા શાળાઓ જ પુરતી સુવિધાઓ, ગુણવત્તાવાળું શિક્ષણ આપી રહી હોવાનું સરકારે સ્વીકાર્યું છે. ગુજરાતમાં ૮૭ સરકારી પ્રાથમિક શાળાઓમાં વીજળીની સુવિધા નથી. ૩૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં પાકા ઓરડા મકાન નથી. ૮૩૮૮ ઓરડાઓની ઘટ ધરાવતી શાળાઓ છે. રાજયમાં ૧૨,૩૭૩ પ્રાથમિક શાળાઓમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક જ ઓરડામાં અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે. રાજયમાં સરકારી ૩૬૪ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર આપવાની બાકી છે. કોમ્પ્યુટર આપવામાં આવ્યા છે ત્યારે સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર વિષયના શિક્ષકનું મહેકમ જ મંજુર થયેલ નથી તેથી કોમ્પ્યુટર વિષયનું શિક્ષણ ખરેખર કોણ આપી રહ્યું છે. શિક્ષણ વિભાગ અને તાબા હેઠળની કચેરીઓમાં કુલ મંજુર મહેકમ ૨૧,૮૧૮માંથી ૫૦ ટકા એટલે કે ૧૦,૫૦૬ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. મંજુર જગ્યાઓ પૈકી વર્ગ-૧ની, ૧,૧૪૬ મંજુર જગ્યામાંથી ૬૮૨ જેટલી જગ્યાઓ ખાલી છે એટલે કે ૬૦ ટકા કરતાં વધુ જગ્યાઓ ઉચ્ચ અધિકારીઓની ખાલી છે. રાજયમાં જીલ્લા શિક્ષણાધિકારીઓની કચેરીઓમાં એજ્યુકેશન ઈન્સપેક્ટરોની મંજુર થયેલ જગ્યાઓ ૮૨ છે તે પૈકી ભરાયેલ જગ્યાઓ માત્ર ૪ છે અને ખાલી જગ્યાની સંખ્યા ૭૮ છે. મોટા ભાગની ખાલી જગ્યાઓ ૩-૪ વર્ષ કરતાં વધારે સમયથી ખાલી છે. રાજયમાં ખાનગી અને સરકારી શાળાઓમાં આપવામાં આવતું શિક્ષણની ગુણવત્તાની કે અન્ય તપાસ કરતા ઈન્સ્પેક્ટરોની મોટાપાયે જગ્યાઓ ખાલી હોવાથી ખાનગી સંસ્થાઓને મનમાની કરવાની છુટ મળી જાય છે. ત્યારે ગુણોત્સવને બદલે શિક્ષણ ઘડતર માટે અધિકારીઓની ભરતી માટે ભરતી ઉત્સવ કરવો જોઈએ. તાજેતરમાં પ્રાથમિક શિક્ષણને લગતા એક રિપોર્ટ ૨૦૧૪ મુજબ ચોથા ધોરણમાં ૩૮ ટકા વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં મોટા કેપીટલ અક્ષરો ઓળખી શક્તા નથી. માત્ર ૯.૨ ટકા બાળકો જ સાદા શબ્દો ઓળખી શકે છે કે વાંચી શખે છે અને સરળ વાક્યો વાંચી શકનાર વિદ્યાર્થીઓની સંખ્યા તો માત્ર ૫.૫ ટકા જ છે. ગુજરાત શિક્ષણ પાછળ નાણાં ફાળવણીમાં સમગ્ર દેશમાં ૧૪માં ક્રમાંકે છે. ગુજરાતની ભાજપ સરકાર શિક્ષણ પાછળ નાણાં ફાળવણીને બિન ઉત્પાદક ખર્ચ ગણે છે જે ઘણી જ ગંભીર બાબત છે. ગુજરાતમાં ગુણોત્સવની ગુલબાંગો ફેકતી ભાજપ સરકારે શિક્ષણમાં આડેધડ ખાનગી શાળાઓને મંજુરી આપીને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર અને શિક્ષણનું વેપારીકરણ કરી રહી છે. પાંચ વર્ષમાં રાજયમાં એક પણ ગ્રાન્ટેડ શાળાને મંજુરી આપી નથી. બીજી બાજુ ૨,૫૪૮ ખાનગી પ્રાથમિક શાળાઓ ખોલવા મંજુરી આપવામાં આવી.

## સપ્તકમાં સિતારવાદકોની રંગત

અમદાવાદ,તા.૩

અમદાવાદ શહેરમાં હાલમાં ચાલી રહેલા સપ્તકમાં કલાકારોએ જોરદાર આકર્ષણ જમાવ્યું છે. શુક્રવારની રાત્રે એક બાજુ પંડિત હરિપ્રસાદ ચોરશિયાએ જોરદાર આકર્ષણ જમાવ્યું હતું. જ્યારે આજે સપ્તકમાં સિતાર પર પંડિત ખુશાલદાસ, અમલા શાહે રંગત જમાવી હતી. મોટી સંખ્યામાં લોકો સપ્તકમાં આનંદ મેળવી રહ્યા છે. સપ્તકનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવ્યું છે. જેમાં જુદા જુદા ક્લાસિકલ કલાકારો ભાગ લઈ રહ્યા છે. પંડિત હરિપ્રસાદ ચોરશિયાએ વાંસળી ઉપર જોરદાર રંગત જમાવી હતી. આ વર્ષના સપ્તકમાં જુદા જુદા કલાકારોને લઈને શાસ્ત્રીય સંગીત સાથે જોડાયેલા લોકો રસ લઈ રહ્યા છે. આજે વોકલ ઉપર પ્રવિણ સુલ્તાનાએ પણ રંગત જમાવી હતી.





જીવન સાથી પસંદગી મેળો : ગાંધીનગર ખાતે સમસ્ત નાગર પરિષદ દ્વારા જીવન સાથી પસંદગી મેળાનું ભવ્ય આયોજન કરાયું હતું. ટાઉનહોલ ખાતે યોજાયેલ ઉદ્‌ઘાટન સમારોહમાં જિલ્લા સરકારી વકીલ શ્રી હિતેશ રાવલે દીપ પ્રગટાવી મેળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરુણભાઈ બુચ, નાગર પરિષદના પ્રમુખ નરેશ રાજા સહિત નાગર અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાજના સેંકડો યુવક - યુવતીઓએ પોતાના પરિચયની અભિવ્યક્તિ દ્વારા જીવન સાથી અંગેની અપેક્ષાઓ વ્યક્ત કરી હતી.

# ભાજપના ૨૦૧૨ના ચૂંટણી ઢંઢેરાના મુદ્દાઓનો બજેટમાં સમાવેશ કરાશે

ગાંધીનગર, તા.૩

રાજય સરકારે તમામ વિભાગોને ભાજપ દ્વારા વર્ષ ૨૦૧૨માં થયેલી વિધાનસભાની ચૂંટણીઓ જાહેર કરેલ ચૂંટણી ઢંઢેરાના મુદ્દાઓનો બજેટમાં સમાવેશ કરવા માટે સૂચના આપવામાં આવી છે. તાજેતરમાં તમામ વિભાગોના વડાઓની મળેલી એક બેઠકમાં રાજયના મુખ્યમંત્રીના અગ્ર સચિવે તમામ વિભાગોના સચિવોને એવી વિનંતી કરી હતી કે વર્ષ ૨૦૧૨માં થયેલ વિધાનસભાની ચૂંટણી વખતે જાહેર થયેલા શાસક પક્ષના ચૂંટણી ઢંઢેરાનો અભ્યાસ કરવામાં આવે.

આ ચૂંટણી ઢંઢેરાના અભ્યાસ કરી તે પૈકીના જે તે વિભાગોને સંબંધીત બાબતો સચિવોએ અલગ તારવવી અને આવી બાબતો પૈકી જેનો અંદાજપત્રમાં સમાવેશ કરવા પાત્ર હોય અને સમાવેશ ન થયો હોય તે બાબતોનો વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવવા માટે સૂચના આપવામાં આવી છે. છેલ્લા ૩ વર્ષના નાણામંત્રી દ્વારા રજુ કરવામાં આવતા અંદાજપત્ર પ્રવચનનો પણ અભ્યાસ કરવા અને આ પ્રવચનમાં નિર્દિષ્ટ બાબતો પૈકી જયાં નોંધપાત્ર કામગીરી ન થઈ હોય ત્યાં પ્રયત્નો કેન્દ્રિત કરવામાં આવે તેવું પણ જણાવાયું છે. મૂડી ખર્ચ સંબંધિત મોટા બાંધકામોને અગ્રતા નહીં આપવા અને સામાન્ય નાગરિકોને સ્પર્શતી બાબતો ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરવા પણ સૂચના આપવામાં આવી છે. તાજેતરમાં જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારમાં ભાજપનો પરાજય થવા પામ્યો હતો. પરિણામને ધ્યાને રાખીને હવે ભાજપે અંદાજપત્રમાં ચૂંટણી ઢંઢેરામાં આપેલ વચનો પૈકી જે બાકી રહ્યા હોઈ તેનો સમાવેશ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.